ગાંધીનગર મહાનગરપાલિકાની ચૂંટણીમાં પ્રચાર પ્રસારનું કાર્ય જોરશોરથી ચાલી રહ્યું છે. ડોર ટુ ડોર પ્રચારે રંગ પકડ્યો છે તો બેનર દ્વારા પ્રચાર પણ ખૂબ થઈ રહ્યો છે. શહેરના મુખ્ય માર્ગોની આસપાસ, શોપીંગ સેન્ટરોની પાસે અને લોકોની અવરજવર વધુ હોય તેવા વિસ્તારોમાં મસમોટા બેનર લગાવવામાં આવ્યા છે. તમામ મોટા રાજકીય પક્ષોના બેનર આકર્ષક ડિઝાઈન સાથે જોવા મળી રહ્યા છે. રીતસર પ્રચાર યુદ્ધ જામ્યુ હોય તેવુ લાગે છે.

ગાંધીનગર મહાનગરપાલિકાની ચૂંટણીને આડે ગણતરીના દિવસો બાકી રહ્યા છે ત્યારે સૌથી જૂના રાજકીય પક્ષ કોંગ્રેસ દ્વારા જોશભેર પ્રચાર કરવામાં આવી રહ્યો છે. સેક્ટર-૩-એ-ન્યુમાં યોજાયેલી કોંગ્રેસની જાહેરસભામાં મોટી સંખ્યામાં વસાહતી ભાઈ-બહેનો ઉપસ્થિત રહ્યા હતા.

વોર્ડ નં.૭ કોલવડા ખાતે કોંગ્રેસ દ્વારા ચૂંટણી પ્રચાર રેલી યોજાઈ હતી.જેમાં ગાંધીનગર ઉત્તરના ધારાસભ્ય સી.જે.ચાવડા, માણસાના ધારાસભ્ય સુરેશ પટેલ, શહેર કોંગ્રેસ પ્રમુખ પ્રદીપસિંહ બિહોલાની ઉપસ્થિતિમાં વોર્ડના ઉમેદવારો દેવેન્દ્રસિંહ ગોલ, અમરતજી ઠાકોર, ગીતાબેન જિતેન્દ્રસિંહ વાઘેલા, ઉષાબેન પટેલ દ્વારા ચૂંટણી પ્રચાર કરવામાં આવ્યો હતો. જેમાં મોટી સંખ્યામાં જનમેદની હાજર રહેલ હતી.

વોર્ડ ૫ માં કોંગ્રેસનું ડોર ટુ ડોર અભિયાન

વોર્ડ નં. ૫ કોંગ્રેસના ઉમેદવારો દ્વારા ચૂંટણી પ્રચાર કરવામાં આવ્યો હતો. જેમાં વોર્ડના ઉમેદવાર બ્રિજરાજસિંહ ગોહિલ અને કોંગ્રેસના કાર્યકર્તાઓ દ્વારા મત માટે જનસંપર્ક કરવામાં આવ્યો હતો. જેમાં મોટી સંખ્યામાં જનતાનો સહકાર રહ્યો હતો.

શહેરમાં મહાજંગમાં પકડાતો રંગ...

વોર્ડ-૩માં ભાજપના ઉમેદવારોને વ્યાપક આવકાર

ગાંધીનગર, તા.૨૬ ગાંધીનગર મહાનગરપાલિકાની ચૂંટણીનો માહોલ ખૂબ જ પરાકાષ્ટાએ પહોંચેલ છે. ત્યારે સમગ્ર ગાંધીનગરમાં સૌથી ચર્ચામાં રહેલ વોર્ડ-૩ની ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીના ઉમેદવારોને વ્યાપક આવકાર મળી રહ્યો છે. જેના પરિણામે ઉમેદવારો સહિત કાર્યકર્તાઓમાં ખૂબ જ આનંદની લાગણી જોવા મળી રહી છે.

વોર્ડ ઈન્ચાર્જશ્રી, વોર્ડ પ્રમુખ ઉમેશ જહા અને સમગ્ર ટીમ ઈન્ચાર્જ શ્રી દેવેન્દ્રસિંહ ચાવડા (જીગાબાપુ), સુભાષ પટેલ અને મહામંત્રી અજયસિંહ અને વિજય શાહ તથા પૂર્વ કોર્પોરેટરશ્રીઓ સહિત વોર્ડના તમામ હોદ્દેદારો, કાર્યકરો સહિત પૂર્વ કોર્પોરેટર્સ નિતીનભાઈ પટેલ, દેવેન્દ્રસિંહ ચાવડા, બરખાબેન જહા, હર્ષાબા ધાંધલ, નિલાબેન શુક્લ, પ્રવીણાબેન દરજી, સંદીપ જ્યોતિર્કર પણ મહેનત કરી રહ્યાં છે વોર્ડ-૩ના ઉમેદવારો સર્વે દિપીકાબેન સવજીભાઈ સોલંકી, ભરતભાઈ મનજીભાઈ ગોહિલ, સોનાલીબેન ઉરેનકુમાર પટેલ, સંજીવ અંબરિષ મહેતા ડોર-ટુ-ડોર પ્રચાર થકી લોકોને મળી રહ્યાં છે. આ ઉપરાંત ચારેય ઉમેદવારો સહિત સૌ ખૂબ જ કર્મઠ કાર્યકર પૂર્વ કોર્પોરેટર સ્વ. ધીરુભાઈ ડોડીયાની સેવાને પણ યાદ કરી રહ્યાં છે.

પેથાપુરમાં વોર્ડ નં. ૨ ના ઉમેદવારોનો સઘન પ્રચાર

ભાજપના ઉમેદવારોએ જીઈબી-ચરેડી છાપરાં વિસ્તારમાં પદયાત્રા કરી : કોંગ્રેસના ઉમેદવારોએ નગર વિસ્તારમાં અને આપના ઉમેદવારોએ સોસાયટી વિસ્તારમાં ડોર ટુ ડોર પ્રચાર કર્યો

ગાંધીનગર, તા. ૨૬ ગાંધીનગર મહાનગરપાલિકાની ચૂંટણીઓમાં શહેરમાં નવા સમાવિષ્ટ વિસ્તારોમાં ચૂંટણી પ્રચાર વેગવંતો બનાવા પામ્યો છે. આજે પેથાપુરમાં સવારથી જ ભાજપ, કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીના ઉમેદવારો દ્વારા ડોર ટુ ડોર પ્રચાર તથા પદયાત્રા વગેરે જેવા આયોજનો કરવામાં આવ્યાં હતા. ભાજપ દ્વારા જીઈબી છાપરાં વિસ્તાર અને ચરેડી છાપરાં વિસ્તારમાં ડીજેના તાલે પદયાત્રા યોજવામાં આવી હતી. જ્યારે કોંગ્રેસે પેથાપુર નગર વિસ્તારમાં ડોર ટુ ડોર પ્રચાર કર્યો હતો.

મહાનગરપાલિકા વોર્ડ નં. ૨ પેથાપુર ખાતે ભાજપના ઉમેદવાર અનિલસિંહ વાઘેલા, દિપ્તીબેન પટેલ, દિલીપસિંહ વાઘેલા અને પારૂલબેન ઠાકોર સહિત મોટી સંખ્યામાં વોર્ડ હોદ્દેદારો તથા કાર્યકરો સહિત યોજેલી પદયાત્રા જીઈબી કોલોની છાપરાં વિસ્તાર તથા ચરેડી છાપરાં વિસ્તારમાં ફરી હતી. આ પદયાત્રા દરમ્યાન ચરેડી છાપરાં વસાહતમાં ખોડિયાર માતાની દેરી અને મહાકાળી માતાના મંદિરે દર્શન કરીને ઉમેદવારોએ આશિર્વાદ મેળવ્યાં બાદ સ્થાનિકો સાથે વાત કરી હતી જેમાં વસાહતીઓએ ભાજપના ઉમેદવારોને પ્રોત્સાહક પ્રતિસાદ આપ્યો હતો.

બીજી તરફ પેથાપુરમાં કોંગ્રેસના ઉમેદવારો ગજેન્દ્રસિંહ વાઘેલા, ક્રિષ્નાબેન ઠાકોર, મીનાબેન વાઘેલા અને પ્રવિણસિંહ ડાભીએ પેથાપુર નગર વિસ્તારમાં ડોર ટુ ડોર પ્રચાર કર્યો હતો. આ પ્રચાર દરમ્યાન તેમની સાથે મોટી સંખ્યામાં કાર્યકરો જોડાયા હતા અને પેથાપુરમાં કોંગ્રેસની પરંપરાગત વોટબેંક હોવાના દાવા સાથે ઉમેદવારોએ નાગરિકોનો ઉમળકાભર્યો પ્રતિસાદ પ્રાપ્ત રહ્યો હોવાનું જણાવ્યુ હતુ. આ સાથે પેથાપુરમાં આમ આદમી પાર્ટીના યુવા ઉમેદવાર જય વાઘેલા, પ્રિતીબેન શર્મા અને પૃથ્વીસિંહ વાઘેલાએ પણ પેથાપુરના સોસાયટી વિસ્તારમાં રવિવારની રજાનો લાભ ઉઠાવી પ્રચાર કાર્ય સઘન બનાવ્યુ હતુ અને આ વખતે આપને એક મોકો આપવા અપીલ કરી હતી.

'આપ'ના ઈન્દ્રોડા ખાતેના ડાયરામાં જનમેદની ઉમટી..!!

ગાંધીનગર મહાનગરપાલિકાની ચૂંટણીમાં રાજકીય પક્ષો પ્રચાર માટે રેલી-સભા-સરઘસો ઉપરાંત ડાયરા-લોકસંગીતના કાર્યક્રમો વગેરેનો પણ સહારો લઈ રહ્યાં છે. શહેરમાં સમાવિષ્ટ ઈન્દ્રોડા ગામમાં શનિવારની રાત્રિએ આમ આદમી પાર્ટી દ્વારા યોજવામાં આવેલા લોક કલાકાર વિજય સુંવાળાના ડાયરામાં ખૂબ મોટી સંખ્યામાં જનમેદની ઉમટી પડી હતી. આ ડાયરામાં આપ પાર્ટીના પ્રદેશ નેતા મહેશ સવાણી સહિતના નેતાઓએ નાગરિકોને આપને એક તક આપવા અપીલ કરી હતી. અગાઉ કોલવડા અને હવે ઈન્દ્રોડા ખાતે આપ પાર્ટીના કાર્યક્રમમાં મોટી સંખ્યામાં જનમેદની ઉમટતી જોઈને ભાજપ-કોંગ્રેસના પેટમાં તેલ રેડાયુ છે.

વાવોલમાં લઘુમતી સમાજ સાથે કોંગ્રેસે ચૂંટણીલક્ષી બેઠક યોજી

ગાંધીનગર મહાનગર પાલિકાની ચુંટણીમાં વાવોલ વોર્ડ નંબર-૭ ખાતે કોંગ્રેસનીની પેનલને વિજયી બનાવવાના નિર્ધાર સાથે ઉમેદવારો દ્વારા તાજેતરમાં લઘુમતી સમાજના અગ્રણીઓ સાથે એક બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. આ બેઠકમાં કોંગ્રેસના પ્રદેશ પ્રભારી જયરાજસિંહ પરમાર, ગાંધીનગર ઉત્તર વિધાનસભા બેઠકના ધારાસભ્ય ડૉ. સી જે ચાવડા, માણસાના ધારાસભ્ય સુરેશભાઈ પટેલ, ભાવનગર પ્રભારી અજીતસિંહ વાઘેલા, માણસા તાલુકા પ્રમુખ ગીરવતસિંહ ચાવડા, વાવોલના અગ્રણી અમરસિંહ ગોલ, કોંગ્રેસના શહેર યુવા મહામંત્રી રાજદિપસિંહ બિહોલા સહિત વોર્ડ નં.૭ના ઉમેદવારો દેવેન્દ્રસિંહ ગોલ, ઉષાબેન પટેલ, ગીતાબેન વાઘેલા અને અમરતજી ઠાકોર ઉપસ્થિત રહ્યાં હતા. બેઠકમાં વાવોલના મુસ્લિમ સમાજના ભાઈઓ, બહેનો તથા યુવાઓએ પણ ખૂબ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહીને તેમના સ્થાનિક પ્રશ્નો અંગે ચર્ચા કરીને જવાબ મેળવ્યાં હતા અને અંતમા તેઓ કોંગ્રેસની સાથે હોવાનો ભરોસો નેતાઓ તથા ઉમેદવારોને અપાવ્યો હતો.

પેથાપુરમાં ભાજપના હોદ્દેદારો સહિત ૨૦૦એ કોંગ્રેસનો હાથ પકડ્યો

ગાંધીનગર, તા.૨૬ ગાંધીનગર મહાનગરપાલિકાની ચૂંટણીમાં રાજકીય પક્ષો દ્વારા બીજા પક્ષના અસંતુષ્ટોની પોતાના તરફ ખેંચવાના પ્રયાસો શરૂ થઈ ગયાં છે. આજે ગાંધીનગર મ્યુ.કોર્પોરેશનના વોર્ડ નં. ૨માં પેથાપુર ખાતે ભાજપના હોદ્દેદારો સહિત ૨૦૦ જેટલાં કાર્યકરો ગુજરાત પ્રદેશ પ્રવકતા યુવરાજસિંહ રાણા તથા ઉમેદવારોની હાજરીમાં કોંગ્રેસમાં જોડાયા હોવાનો કોંગ્રેસ દ્વારા દાવો કરવામાં આવ્યો હતો. કોંગ્રેસમાં જોડાયેલા ભાજપના હોદ્દેદારોમાં વોર્ડ નં. ૨ના મહામંત્રી મહેશજી રમણજી ઠાકોર, યુવા મોરચાના કારોબારી સદસ્ય સાહિલજી ચેહરાજી ઠાકોર ઉપરાંત ઠાકોર ભરતજી ધૂળાજી, અનિલ અમરતજી ઠાકોર, રોહિત કેશાજી ઠાકોર, વિષ્ણુજી શકરાજી ઠાકોર, પ્રવિણજી બબાજી ઠાકોર સહિત અન્ય ૨૦૦ જેટલાં કાર્યકરોનો સમાવેશ થાય છે. આ પ્રસંગે કોંગ્રેસના ઉમેદવાર ગજેન્દ્રસિંહ વાઘેલા સહિત અન્ય ઉપસ્થિત રહ્યાં હતા.

સિવિલ હોસ્પિટલમાં ટૂંક સમયમાં સ્પેશીયલ વોર્ડ કાર્યરત થશે

ગાંધીનગર, તા.૨૬ ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં છેલ્લા છ માસથી બંધ રહેલા સ્પેશીયલ વોર્ડ ટુંક સમયમાં કાર્યરત થઈ જશે. હોસ્પિટલ તંત્ર દ્વારા વોર્ડમાં સમાવેશ તમામ રૂમની સાફસફાઈ સહિત સ્ટાફ પણ ગોઠવી દેવાયો છે. ત્યારે વીઆઈપી દર્દીઓ સ્પેશીયલ રૂમની માંગ કરતા હોવાથી તેઓને હવે અલાયદો રૂમ મળી રહેશે.

મળતી વિગત મુજબ ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ૬૦૦ બેડની બિલ્ડીંગમાં ગ્રાઉન્ડ ફલોર પર સ્પેશીલય વોર્ડ આવેલ છે. જેમાં નિયત કરેલી ફી સાથે દર્દીઓને અલાયદો રૂમ આપવામાં આવે છે. ત્યારે કોરોના સમયમાં સ્પેશીયલ વોર્ડ ડોકટર્સ તેમજ સ્ટાફ માટે રાખવામાં આવ્યા હતા. ત્યારબાદ કોરોના ગયા બાદ પણ વોર્ડ કાર્યરત કરવામાં આવ્યો ન હતો. ત્યારે વોર્ડ કાર્યરત કરવા માટે માંગ ઉઠવા પામી હતી.

જેને પગલે સિવિલ તંત્ર દ્વારા વોર્ડ શરુ કરવા માટે તૈયારીઓ આરંભી હતી. સ્પેશ્યલ વોર્ડમાં રહેલા તમામ રૂમની સાફ સફાઈ કરીને બેડ તૈયાર કરી દેવામાં આવ્યા છે. જયારે સ્પેશ્યલ વોર્ડ માટે જરુરી સ્ટાફ પણ ફાળવી દેવામાં આવ્યો છે. સિવિલ તંત્ર દ્વારા તા.૨૭ સપ્ટેમ્બરથી વોર્ડ શરુ કરવામાં આવનાર છે.

છેલ્લા દશ મહિનાથી નાસતા ફરતા આરોપીને એલસીબી પોલીસે પકડી પાડ્યો

ગાંધીનગર અડાલજ પોલીસ મથક વિસ્તારમાં પ્રોહીબિશનનો ગુનો આચરી દશ માસથી પોલીસને હાથતાળી આપી નાસતા ફરતા આરોપીને એલસીબી પોલીસે પકડી પાડી આગળની કાર્યવાહી હાથ ધરી છે. ગાંધીનગર જિલ્લામાં ગંભીર ગુનામાં નાસતા ફરતા આરોપીઓને પકડી પાડી જેલ હવાલે કરવા માટે રેન્જ આઈજીપીએ ખાસ સુચનો કર્યા હતા. જેને પગલે એલસીબી પોલીસે નાસતા ફરતા આરોપીને પકડી પાડવા માટે ટીમ કાર્યરત કરી દીધી હતી. ત્યારે અડાલજ પોલીસ મથક વિસ્તારમાં પ્રોહિબિશનના ગુનામાં છેલ્લા ૧૦ માસથી નાસતો ફરતો આરોપી પ્રહલાદજી સંગ્રામજી ઠાકોર (રહે.ચિત્રોડી પુરા, તા.કડી, જી મહેસાણા)ને પકડી પાડયો હતો.

યુવકે મોબાઈલનો હપ્તો આપ્યા બાદ બેંક કર્મચારી આવતા બીજી લોનની જાણ થઈ

શહેરના એક યુવકે મોબાઈલ હપ્તે થી ખરીદી માટે લોન પ્રોસેસ માટે જરુરી ડોક્યુમેન્ટ રજુ કર્યા હતા. ત્યારબાદ આઈડીએફસી ની લોન પ્રોસેસ ચાલુ છે, તેમ કહી યુવકનો મોબાઈલ લોન પ્રોસેસ કરતા કર્મચારીઓએ દોઢ કલાક તેમની પાસે રાખ્યો હતો. તે સમયે ઠગબાજોએ બીજી લોનની પણ પ્રોસેસ કરી નાંખી હતી. યુવકના મોબાઈલ પર આવેલા ઓટીપી નંબર મેળવી યુવકની જાણ બહાર ૪૭,૪૯૮ની આઈડીએફસી કંપનીની લોન મેળવી યુવક સાથે ઓનલાઈન છેતરપિંડી આચરનાર ત્રણ વ્યકિત સામે યુવકે સે.૨૧ પોલીસ મથકે ફરીયાદ નોંધાવી છે.

શહેરમાં સમાવેશ આદિવાડા ગામે મહાકાળી માતાના મંદિર પાસે રહેતો વિજય દંતાણીને નવો ફોન લેવાનો હોવાથી તે શહેરની એક મોબાઈલ દુકાનમાં ગયો હતો. જયાં સરળ હપ્તેથી મોબાઈલ ફોન વેચાણથી મળતા હતા. યુવકને ઓપો કંપનીનો રૂ.૧૮,૩૦૦ નો મોબાઈલ ફોન પસંદ આવ્યો હતો. મોબાઈલ હપ્તે થી લેવાનો હોવાથી દુકાનદારે લોન કરી આપનાર વ્યકિતને બોલાવ્યો હતો. આઈડીએફસી બેંકમાંથી લોન કરી આપશે તેમ જણાવી યુવકના આધારકાર્ડ, ચુંટણીકાર્ડ તેમજ બેંકની પાસબુક સહિતના ડોક્યુમેન્ટ લઈ યુવકનો ફોટો પણ પાડ્યો હતો. યુવકે મોબાઈલ પેટે રૂ.૫,૦૦૦ દુકાનદારને રોકડા આપ્યા હતા. જયારે બાકીના ૧૩,૩૦૨ની લોન કરી ફાઈલ ચાર્જ સહિત ૨૩૭૪ ના કુલ ૬ હપ્તા ભરવાના થશે તેમ જણાવ્યું હતું. ત્યારબાદ લોન કરનાર વ્યકિતએ દોઢ કલાક સુધી ફોન તેની પાસે રાખીને લોન પ્રોસેસ ચાલુ છે અને ઓટીપી આવ્યા બાદ લોન મંજુર થશે તેમ કહીને દોઢ કલાક બાદ ફોન પરત કર્યો હતો. લોનનો પહેલો હપ્તો વર્ષ ૨૦૨૦માં સપ્ટેમ્બરમાં ભરપાઈ કર્યો હતો. ત્યારબાદ યુવક પાસેથી બીજો હપ્તો રોકડમાં બેંકના કર્મચારી ઘરે આવીને લઈ ગયા હતા. ત્યારબાદ બે દિવસ પછી આઈડીએફસી બેંકના કર્મચારી યુવકના ઘરે હપ્તાની ઉઘરાણીએ જતા યુવકે હપ્તો રોકડમાં આપી દીધો છે. ત્યારે તે વ્યકિતએ જણાવ્યું કે આઈડીએફસી બેંકમાં તમારી બે લોન ચાલે છે. તમે મોબાઈલનો હપ્તો ચુકવ્યો છે પરંતુ બીજી લોન રૂ.૪૭,૪૯૮ ની લીધી છે તેના માસિક રૂ.૪૪૯૨ ના બે હપ્તા ભર્યા નથી. જેથી યુવકે બેંક કર્મચારીને માત્ર મોબાઈલની લોન લીધી હોવાનું જણાવ્યું હતું. પરંતુ તે નહી માનતા યુવક પાસેથી રોકડા રૂ.૮૯૮૪ લઈ ગયા હતા.ત્યારબાદ યુવક સેકટર-૧૧ ખાતે આઈડીએફસી બેંકમાં જઈને મળતા બે લોન થઈ હોવાનું જણાવ્યું હતું.ત્યાબાદ યુવક અમદાવાદ વસ્ત્રાપુર આઈડીએફસી બેંકની મુખ્ય બ્રાંચમાં જઈને તપાસ કરતા જાણવા મળ્યું કે તા.૧૦-૭-૨૦ ના રોજ તા.૪૭,૪૯૮ ની લોન થઈ છે. જયારે યુવકે આ દિવસે માત્ર મોબાઈલની જ લોન લીધી હતી. જેથી યુવકના ડોક્યુમેન્ટનો દુરઉપયોગ કરીને લોન લઈ છેતરપિંડી આચરનાર પેથાપુર શ્રીનાથ સોસાયટી ખાતે રહેતા ચેતનસિંહ લક્ષ્મણસિંહ રાજાવત, મચ્છી માર્કેટ ત્રણ દરવાજા સોનીના મેડા ઉપર મ.નં.૧૫૯૧ ખાતે રહેતા અબ્દુલકાદર ગુલામ હૈદર કુરેશી અને સૈજપુર બોઘા પ્રભાકર ટેનામેન્ટ એફ.૧૭૭ ખાતે રહેતો રજનીકાંન્ત રામાજીભાઈ વોરા સામે વિજય દંતાણીએ સેકટર-૨૧ પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

પંડિત દિનદયાળ ઉપાધ્યાયની જન્મ જયંતિ નિમિત્તે ભાજપ દ્વારા વડીલોને ભોજન પીરસ્યુ

ભારતના પ્રધાનમંત્રી અને લોક લાડીલા નરેન્દ્રભાઈ મોદીના ૭૧ મા જન્મ દિવસ અને પ્રખર રાષ્ટ્રવાદી, સંગઠનકર્તા એકાત્મ માનવવાદ તથા અંત્યોદયના પ્રણેતા એવા પથદર્શક પંડિત દીનદયાળ ઉપાધ્યાયજીની જન્મ જયંતિની ઉજવણીના ભાગરૂપે સેવા અને સમર્પણ રૂપે ઉજવાઈ રહેલા વિવિધ કાર્યક્રમો થકી રાહેલા વૃધ્ધાશ્રમમાં વડીલોને આ પ્રસંગે ભોજન તિથી રૂપે ભોજન પીરસ્યુ હતુ. આ સાથે પંડિત દીનદયાળ ઉપાધ્યાયજીની જન્મ જયંતિ નિમિત્તે ફૂલહાર કરી સેવા એજ ધર્મ અને ગરીબોની પડખે ખડે રહી સેવાકીય પ્રવૃત્તિઓને બિરદાવી હતી. આ ઉપરાંત વડીલોની અંતર ખબર પૂછી આશીર્વાદ મેળવ્યા હતા. મહાન યુગ પુરૂષની જન્મ જયંતિની ઉજવણીમાં દીર્ઘાયુ આયુષ્ય બક્ષે તેવી શુભેચ્છા પાઠવી હતી.